**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૧ ટકા

# પૂર્વ ભારતીય હોકી કપ્તાન ધનરાજ પિલ્લાઈ ગાંધીનગરમાં

## હવે ગુજરાતમાંથી પણ હોકીના ઓલમ્પિક ખેલાડીઓ મળશે : ગ્રામીણ વિસ્તારમાં પ્રતિભા વધુ હોવાથી સરકારે ઈન્ફ્રાસ્ટ્રકચર વધારવું જોઈએ : પદ્મશ્રી ધનરાજ પિલ્લાઈ

### વડાપ્રધાન મેજર ધ્યાનચંદને ભારતરત્ન અપાવે

પૂર્વ હોકી કપ્તાન ધનરાજ પિલ્લાઈએ જણાવ્યું હતું કે અમે છેલ્લા સાતેક વર્ષથી મેજર ધ્યાનચંદને 'ભારતરત્ન' પુરસ્કાર આપવા લડત ચલાવી રહ્યા છીએ. કેન્દ્રમાં મોદી સરકાર સ્પોર્ટસને સારું પ્રોત્સાહન આપી રહી છે ત્યારે અમારી નરેન્દ્ર મોદીજીને વિનંતી છે કે મેજર ધ્યાનચંદને જલ્દીથી 'ભારત રત્ન' એવોર્ડ આપવામાં આવે.

●●●●●●

### ભારતીય કોચને તક અપાશે તો ફરી હોકીમાં ભારતનો ડંકો વાગશે



પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ જેવા રાજયોમાં ખેલાડીઓને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ જીતવા માટે સરકારી નોકરીની નીતિ હવે ગુજરાત સહિત અન્ય રાજયો પણ અપનાવવા જઈ રહ્યા છે તે આવકારદાયક બાબત ગણાવતા ધનરાજ પિલ્લાઈએ જણાવ્યું હતું કે આ પ્રકારની નીતિ કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં એક સરખી રીતે લાગુ પાડવી જોઈએ. વળી, હાલ ભારતીય હોકી ટીમને છેલ્લા ૧૫ વર્ષથી વિદેશી કોચ તાલીમ આપી રહ્યા હોવા અંગે નારાજગી વ્યકત કરતા તેમણે કહ્યું હતું કે જો ભારતીય કોચને તક આપવામાં આવે તો ભારત ફરી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના જરુર પ્રાપ્ત કરશે.

ગાંધીનગર, તા.૩૦

'ગુજરાતને પહેલા વેપાર અને શિક્ષણ માટે ઓળખવામાં આવતું હતું પરંતુ હવે છેલ્લા ૧૦-૧૨ વર્ષથી આ દૃષ્ટિકોણ બદલાયો છે. હવે ગુજરાતમાં સમર કોચીંગ કેમ્પમાં હોકીની રમતમાં પણ ૩૫૦ જેટલા બાળકો તાલીમ લેવા આવે છે. ગુજરાત સરકાર દ્વારા સ્પોર્ટસને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. આ નીતિ જો ચાલુ રાખવામાં આવશે તો એક દિવસ જરુર ગુજરાતમાંથી પણ હોકીનો ઓલમ્પિક ખેલાડી મળશે.' આ આશાવાદ વ્યકત કર્યો હતો ભારતના મહાન હોકી ખેલાડી અને ભારતીય ટીમના પૂર્વ કપ્તાન પદમશ્રી ધનરાજ પિલ્લાઈએ જેઓ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સેન્ટર ઓફ એકસેલન્સ સંચાલિત હોકી એકેડેમી માટે પ્રતિભા શોધની સેવા આપવા ગાંધીનગર પધાર્યા હતા.

આશરે ૧૭ વર્ષ સુધી ભારતીય ટીમમાં રમી ચુકેલા અને ૧૭૦ ગોલ ફટકારી ચુકેલા ધનરાજ પિલ્લાઈએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ભારતમાં છેલ્લા પાંચ વર્ષમાં 'ખેલો ઈન્ડિયા'માં દરેક રમત માટે અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ કેટેગરીની સ્પર્ધાઓ યોજાવાથી બાળકોની સ્પોર્ટસ ક્ષેત્રે



રૂચિ વધવા પામી છે અને દેશને નવા ખેલાડીઓ મળી રહ્યા છે. ગાંધીનગરના સેકટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ગ્રાઉન્ડ ઉપર વાતચીત કરતા ધનરાજ પિલ્લાઈએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારની રમતગમત માટેની નીતિ પણ હવે પંજાબ, હરિયાણા તથા મધ્યપ્રદેશ જેવી થઈ રહી છે. રાજય સરકાર દ્વારા બાળકો રમત રમશે તો આડા માર્ગે નહી વળે તેવી નીતિ અપનાવાઈ રહી છે જે ઘણી આવકારદાયક છે. વાલીઓએ પણ બાળકોને મેદાનમાં રમવા પ્રોત્સાહિત કરવા જોઈએ. જે બાળક દિવસમાં એક કલાક રમશે અને બે કલાક ભણશે તો તેનું ભણતર પણ આપોઆપ સુધરશે.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સમર કોચીંગ કેમ્પમાં એક્ષ્પર્ટ તરીકેની સેવા આપવા આવેલા ધનરાજ પિલ્લાઈએ જણાવ્યું હતું કે 'હું છેલ્લા દસેક વર્ષથી એસએજી સાથે સંકળાયેલો છું. મારું કામ સમર કેમ્પમાં હાજરી આપી બાળ પ્રતિભાની શોધ કરવાનું છે. તે માટે હું ગુજરાતના દરેક સમર કોચીંગ કેમ્પમાં ૨ થી ૩ દિવસ ફાળવું છું. આ સાથે તેમના હેડ કોચ, એકેડેમી કોચ વગેરેને પણ માર્ગદર્શન આપું છું. હું બાળકોને માત્ર હોકી જ નહી પરંતુ જીવનના આગામી તબક્કે કેવી રીતે આગળ વધવું તેનું પણ માર્ગદર્શન આપું છું.' હવે ગુજરાતમાંથી પણ રાષ્ટ્રીય ક્ષેત્રે ખેલાડીઓ ઉભરી રહ્યા હોવાનું જણાવતા તેમણે કહ્યું હતું કે ભારત સરકારે હજુ ગ્રામીણ સ્તરે સ્પોર્ટસ માટે નાના-મોટા સ્ટેડિયમ સહિત ઈકિવપમેન્ટની સુવિધાઓ સાથેનું ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવું જોઈએ કેમ કે ભારતના ગ્રામીણ વિસ્તારમાં અખૂટ પ્રતિભા પડેલી છે. સ્પોર્ટસ ક્ષેત્રે બની રહેલી ફિલ્મો અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે 'તે સારી બાબત છે, ચક દે ઈન્ડિયાથી હોકી ઘર ઘરમાં જાણીતી બની છે તે રીતે અક્ષયકુમારની ગોલ્ડ અને ખેલાડી સંદીપ સીંઘના જીવન પર બનેલી સુરમા જેવી ફિલ્મો વધુ બનવી જોઈએ.'

અત્રે ઉલ્લેખનીય છે કે એસએજી દ્વારા ગુજરાતના અનેક કેન્દ્રો પર વિવિધ રમતોના સમર કોચીંગ કેમ્પ ચલાવાઈ રહ્યા છે. ગાંધીનગરમાં ગર્લ્સ માટે હોકી અને હેન્ડબોલ તથા ગર્લ્સ-બૉયઝ બંને માટે સાયકલિંગના કેમ્પ ચાલુ છે. ત્રણેય રમતોમાં મળીને ૧૮૮ બાળકો કોચીંગ મેળવી રહ્યા છે. ધનરાજ પિલ્લાઈએ એસએજીની આ પ્રક્રિયાના વખાણ કર્યા હતા.

## સિવિલમાં સ્પેશિયલ રૂમમાં આગ લાગતા અફરાતફરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સવારે સિવિલના સ્પેશિયલ રૂમમાં આગ લાગવાની ઘટના બની હતી. હજુ સુરત તક્ષશિલાની આગ શાંત નથી થઈ ત્યારે ગાંધીનગર સિવિલમાં આગની ઘટના બની છે. અત્યારે સમગ્ર ગુજરાતમાં ફાયર શેફટી તેમજ બચાવની અન્ય કામગીરી ચાલી રહી છે. ત્યારે ગાંધીનગરમાં બનતી આગની ઘટના તંત્ર માટે શરમ જનક છે. કારણકે ગાંધીનગર સુપરિટેન્ડન્ટ નિયતિબેન સુરક્ષા સલામતી માટે મિટિંગ થાય ત્યારે હાજરી આપવા જાય છે. પરંતુ પોતાના ઘરમાં આગ લાગે તે એક નવાઈની વાત છે.

જે વીઆઈપી રૂમમાં આગ લાગી તે રૂમનો ઉપયોગ ધારાસભ્યો તેમજ વીઆઈપી લોકો ઉપયોગ કરતા હોય છે. જો વીઆઈપી રૂમમા જ આ હાલત છે તો બીજે તો કેવી હાલત હશે તે સારી રીતે સમજી શકાય એમ છે. વીઆઈપી રૂમમાં દેખરેખ રાખવામા આવતી નથી. તે સ્પષ્ટ થઈ ગયું છે. ગાંધીનગર સિવિલમા ગઈ કાલે ઓપરેશન થિયેટરમાં પાણી ભરાઈ જતા ઓપરેશન રદ કરવા પડયા હતા. હજુ આ ઘટનાને ૨૪ કલાક પણ નથી થયા ત્યારે આગ લાગવાની ઘટના બીજી બની છે ત્યારે એ સ્પષ્ટ થાય છે કે સિવિલ તંત્ર ફુલ આરમ કરે છે. સૂત્રોથી એવી પણ વાત વહેતી થઈ છે કે ગાંધીનગર સિવિલમાં સુપ્રિટેન્ડન્ટ તરીકે જયારથી નિયતિ બેન હોદ્દા ઉપર આવ્યા છે. ત્યારથી સિવિલમાં કોઈને કોઈ ઘટના બનતી જોવા મળી છે અને સિવિલ તંત્રનું કામ કાજ રેઢિયાળ થઈ ગયું છે. આટલી લાપરવાઈ કેમ રાખવામાં આવે છે ?

ગાંધીનગર સિવિલમાં આજુ બાજુના ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરી વિસ્તારના દર્દીઓ પણ સિવિલમાં આવતા હોય છે.છતાં પણ કેમ સિવિલની કાળજી લેવામાં આવતી નથી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સિવિલમાં પણ ફાયર એનઓસી નથી. સિવિલના વીઆઈપી રૂમમા આગ લાગતા તુરંત કાબુ મેળવી લીધો હતો.જો આગ વધારે પ્રસરી હોત તો કેટલા લોકોના જીવ ગુમાવવાનો વારો આવ્યો હોત. તેનો અંદાજ છ? શુ તંત્ર હજુ કોઈ મોટી ઘટના બને તેની રાહ જોઈ રહી છે? હવે જોવાનું રહ્યું કે તંત્ર ભરનીંદ્રામાંથી ક્યારે જાગે છે?

## લઘુમતિ શાળાઓએ આર.ટી.ઈ. હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો પડશે

ગાંધીનગર, તા.૩૦

નેશનલ કમિશન ફોર માઈનોરીટી એજયુકેશનલ ઈન્સ્ટીટયુટ એકટ હેઠળ સક્ષમ સત્તાધિકારીને લઘુમતિ શૈક્ષણિક સંસ્થા હોવાનું પ્રમાણપત્ર મેળવવા અરજી કરી નથી અથવા જેઓની અરજી નકારવામાં આવી છે તેવી તમામ લઘુમતિ શૈક્ષણિક સંસ્થાઓએ આર.ટી.ઈ. એકટ હેઠળ ફાળવેલ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે, તેવો નામદાર સુપ્રિમ કોર્ટે આજે આદેશ આપ્યો છે. નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદાથી રાજયના નબળા અને વંચિત જૂથના વિદ્યાર્થીઓને લાભ મળશે.

ઉલ્લેખનીય છે કે, રાજયની સ્વનિર્ભર લઘુમતિ પ્રાથમિક શાળાઓમાં જે શાળાઓ પાસે સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર નથી તેવી શાળાઓમાં ધોરણ-૧માં આર.ટી.ઈ. હેઠળ રાજય સરકાર દ્વારા કુલ ૨૦૯૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો પરંતુ આવી શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ના પાડી હતી. આવા વિદ્યાર્થીઓનું ભવિષ્ય ધ્યાને રાખી શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના માર્ગદર્શન હેઠળ નામદાર સુપ્રિમ કોર્ટમાં શિક્ષણ વિભાગ દ્વારા અરજી કરવામાં આવેલ હતી. ઉપરાંત આ કેસની ગંભીરતાને ધ્યાનમાં લઈને આ કેસની તાત્કાલિક સુનાવણી હાથ ધરવામાં આવે તેવી નામદાર સુપ્રિમ કોર્ટને વિનંતી કરવામાં આવેલ હતી તે કેસ આજે નામદાર સુપ્રિમ કોર્ટમાં ચાલતા નામદાર સુપ્રિમ કોર્ટે આ મહત્વનો ચૂકાદો આપતા અનેક વિદ્યાર્થીઓને લાભ મળશે.

શિક્ષણ વિભાગે રાજય સરકાર દ્વારા આર.ટી.ઈ.ના પ્રથમ રાઉન્ડમાં આ પ્રકારની ૧૧૭ શાળાઓમાં કુલ ૨૦૯૦ વિદ્યાર્થીઓ ફાળવવામાં આવેલ હતા તે પૈકી ૩૩ જેટલી શાળાઓએ ૩૭૮ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે. આ ચૂકાદાથી વધુ ૭૯ શાળાઓએ ૧૬૫૧ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. જે લઘુમતિ શાળાઓએ દહોભય (નેશનલ કમિશન ફોર માયનોરીટી એજયુકેશન ઈન્સ્ટીટયુટ, દિલ્હી ખાતે લઘુમતિના પ્રમાણપત્ર મેળવવા માટે અરજી કરેલ છે પરંતુ જેનો નિર્ણય આવેલ નથી તેવી ૧૭ શાળાઓમાં ફાળવેલ ૪૧૫ વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં પ્રવેશ ફાળવી આપવામાં આવશે.

## શહેરીજનો ગરમીથી બચવા અપનાવી રહ્યા છે વિવિધ નુસ્ખા

### સખત ગરમીને લીધે શહેરીજનો કામ વગર ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે : બાળકો પણ વેકેશનની મજા માતા-પિતા સાથે સાંજે બહાર નીકળીને જ માણી શકે છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં ગરમીનો પારો સતત ઊંચો રહેતા શહેરીજનો ગુંગળામણ અનુભવી રહ્યા છે. ઘરની બહાર ન નીકળી ગરમીથી સલામતી અનુભવી રહ્યા છે. છેલ્લા દસ દિવસથી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે ઉતર્યું નથી અને હવામાન શાસ્ત્રીના કહ્યા મુજબ હજુ ૨ જૂન સુધી આવી જ ગરમી યથાવત રહેશે ત્યારે શહેરીજનો ગરમીથી બચવા અલગ અલગ નુસ્ખા અપનાવી રહ્યા છે.

ગરમીનો પારો હજુ ગઈ કાલે જ ૪૪ ડિગ્રીને પાર કરી ગયો હતો ત્યારે આખું શહેર ગરમીથી ત્રાહીમામ જોવા મળી રહ્યું હતું. દરેક સેકટરો, શોપીંગ, નગરની સરકારી ઓફિસ, યંગસ્ટર્સ કે મંદિરે જતા વૃધ્ધો પણ તેમના ઓફિસ ટાઈમ કે ટયુશન એકટીવીટી સમય અને વૃધ્ધો તેમના મંદિરે સવારે વહેલા જ તેમના દરેક કામ પતાવીને ઘરે આવી જાય છે. ઓફિસ કર્મચારી ઓફીસની બહાર કામ સિવાય બહાર જોવા નથી મળતા અને ગૃહણીઓ પણ સાંજે ૬ વાગ્યા પહેલા કામ વગર બહાર નથી નીકળતી.

શહેરીજનો જો આ આકરી ગરમીમાં બહાર નીકળે તો પૂરા ફેસને કવર કરી અને હાથ-પગના મોજા પહેરી સનગ્લાસીસ સાથે જ બહાર નીકળવાનું પસંદ કરે છે. સાથે સાથે ઠંડા પાણીની બોટલ અથવા તો લીંબુનું શરબત સાથે જ રાખીને ઘરની બહાર નીકળી રહ્યા છે. સીઝનની કેરીનો મુરબ્બો અને સમયે સમયે વધુ પાણી જયારે ગરમીમાં ફાયદાકારક નીવડે છે ત્યારે ડોકટરોની પણ સલાહ છે કે ઘરની બહાર નીકળતા પહેલા પૂરતા પ્રમાણમાં પાણી અથવા તો શરબત પી લેવું અને સાથે પણ રાખવું સાથે સાથે સીઝનલ ફ્રુટસ જેમાં પાણીની માત્રા વધુ હોય તેનું સેવન કરવું. જરુરી કામ વગર ઘરની બહાર જવું નહી અને બને ત્યાં સુધી શરીરમાં ઠંડક કરવી. શહેરની ગૃહિણીઓ ગરમીથી બચવા લીંબુ પાણી તેના આઈસ કયુબસ, ટેંગ, રસના જેવા શરબત બનાવીને બાળકોને નિયમિત આપે છે અને વેકેશન હોવાથી બાળક બહાર રમવા જાય તો તેને ઠંડા પાણીની બોટલ સાથે એનર્જી ડ્રીંક પણ આપે છે. ઘરમાં દરરોજ જમવામાં કેરી ડુંગળીનું સલાડ આરોગે છે જેથી લૂ ના લાગે.

આમ તો ઉનાળુ વેકશન એ બાળકો માટે મજાના દિવસો છે પણ આખો દિવસ પડતા આ આકરા તાપમાં બાળકો ઘરની બહાર નીકળી શકતા નથી તેથી સાંજે સ્વર્ણિમ પાર્ક, સરિતા ઉદ્યાન તથા સેકટરના બગીચામાં ભીડ જોવા મળી રહી છે. શહેરના બાળકો સાંજના સમયે જ માતા-પિતા સાથે ઘરની બહાર નીકળી વેકેશનની ખરી મજા માણી શકે છે.





### યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટે ખીચડી પ્રસાદ સાથે પગરખાં પણ પુરા પાડયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં સેકટર-૭-બી ખાતે યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી તેમજ જયંતભાઈ પરીખના સહયોગથી આસપાસના વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોને ગુરુવારે ખીચડી પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. દર ગુરુવારે યોજવામાં આવતા ખીચડી પ્રસાદના સેવાકાર્ય દરમિયાન આ વખતે ઉનાળાની કાળઝાળ ગરમીને અનુલક્ષીને જરૂરિયાતમંદ વર્ગના ૫૦ બાળકોને નવા પગરખાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેથી ધોમધખતા તાપમાં ઉઘાડા પગે ફરવાથી તેમને લૂ લાગી જવાની અને પગમાં બળતરા થવાની સમસ્યાથી છુટકારો મળી શકે.

## નીફટના ૨૪૨ વિદ્યાર્થીઓનો પદવીદાન સમારોહ યોજાયો






ફેશનની દુનિયામાં યુવાનોની કારકિર્દી ઘડતર કરતી ગાંધીનગરની નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી નીફટ સંસ્થાનો વાર્ષિક પદવીદાન સમારોહ અમદાવાદમાં શાહીબાગ ખાતે સરદાર પટેલ મેમોરિયલના સભાગૃહમાં યોજાયો હતો. જેમાં ગુજરાત સરકારના નિવૃત્ત પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરી જેઓ નીફટના એકિઝકયુટિવ ડાયરેકટર પણ રહી ચુકયા છે તેમના હસ્તે વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઈ હતી. નીફટના પદવીદાન સમારોહમાં સંસ્થાના ફેશન ડિઝાઈન, ફેશન ટેકનોલોજી અને ફેશન મેનેજમેન્ટ વગેરે વિદ્યાશાખામાં ડિગ્રી કોર્મસમાં ઉત્તીર્ણ થનાર ૨૪૨ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરાઈ હતી. આ પ્રસંગે ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન ડૉ. જૈમિન વસા પણ ઉપસ્થિત રહ્યા હતા. નીફટની વિદ્યાર્થીની આર. રૂકમણીને 'સ્ટુડન્ટ ઓફ ધ યર'નો ખિતાબ એનાયત કરાયો હતો.

## ગાંધીનગર સ્થિત ભાજપના બે નેતાઓની કેન્દ્રીય મંત્રીમંડળમાં પસંદગી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સ્થિત ભાજપના બે નેતાઓની પસંદગી કેન્દ્રીય મંત્રી મંડળમાં કરાતા શહેરમાં ભારે હર્ષ અને ઉલ્લાસની લાગણી પ્રસરી હતી. સે-૨માં રહેતા મનસુખ માંડવીયા અને સે-૩માં રહેતા પુરુષોત્તમ રુપાલા મોદી મંત્રીમંડળમાં પસંદ કરાયાના સમાચાર વાયુવેગે પ્રસરતા ભાજપના કાર્યકરો મોડી રાત્રે તેમના નિવાસસ્થાને પહોંચીને અભિનંદન પાઠવ્યા હતા. આજે વહેલી સવારે બંને નેતાઓ દિલ્હી પહોંચ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મનસુખ માંડવીયા અને પુરુષોત્તમ રુપાલા અગાઉ પણ મોદી સરકારમાં રાજય કક્ષાના મંત્રી પદે સેવાઓ આપી ચુકયા છે. મનસુખ માંડવીયા ભાજપમાં સંગઠન ક્ષેત્રે ખૂબ મહત્વની જવાબદારી વર્ષો સુધી સંભાળી ચુકયા છે. સૌથી યુવાન ધારાસભ્ય તરીકે પણ મનસુખ માંડવીયા જાણીતા બન્યા હતા. લઘુઉદ્યોગ મંત્રાલયમાં તેમની કામગીરી યશસ્વી રહી છે. પુરુષોત્તમ રુપાલા પોતાની કાઠિયાવાડી લઢણમાં આક્રમક વકતવ્ય આપવામાં માહીર છે. ભાજપના પ્રચંડ વિજયમાં પુરુષોત્તમ રુપાલાનું યોગદાન મહત્વનું ગણાય છે. એના ઈનામ પેટે જ રુપાલાને ફરીથી મંત્રીમંડળમાં સ્થાન અપાયું છે.

## સે-૧૧ પોસ્ટ ઓફિસમાં પાસપોર્ટ સેવા કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૦

શહેરીજનો માટે દરેક સુવિધાની વ્યવસ્થા હવે નગરમાં જ થઈ રહી છે. નાગરિકો માટે પાસપોર્ટ સંબંધિત કાર્ય માટે હવે ગાંધીનગરમાં સે-૧૧ પોસ્ટ ઓફિસ એચ.ઓ.માં પાસપોર્ટ સેવા કેન્દ્ર ખુલ્યું છે. જયાં નક્કી કરેલા સમયે નગરજનો પાસપોર્ટ રીન્યુ કરાવી શકશે અને એપોઈન્ટમેન્ટ લઈને નવો પાસપોર્ટ પણ બનાવી શકશે. પહેલા જેમ આ સંબંધિત કાર્ય માટે અમદાવાદ જવું પડતું હતું પરંતુ હવે આ ગાંધીનગરમાં કેન્દ્ર ખુલવાથી પાસપોર્ટ બનાવવાનું કામ સરળ બનશે. પાસપોર્ટ સેવા કેન્દ્રનો કાર્ય સમય સોમવારથી શુક્રવાર સુધીનો છે અને કાર્ય સમય સવારે ૯ થી ૫.૩૦ જયારે ટોકન મેળવવાનો સમય સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી અને બપોરે ભોજનનો સમય ૧.૩૦ થી ૨.૦૦ સુધીનો છે.

## રવિવારે સવારે ઘ-૪ સર્કલે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના હાર્દ સમા ઘ-૪ સર્કલે આગામી તા. ૨જી જૂન રવિવારના રોજ જૂન માસની પુસ્તક પરબ સવારે ૭.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન યોજાશે. પુસ્તક પરબમાં શિષ્ટ સાહિત્યના પુસ્તકોનું નિઃશુલ્ક આદાન પ્રદાન કરવામાં આવે છે જેમાં કોઈ પણ વાચક પોતાને પસંદ પડે તે બે પુસ્તકો વાંચવા લઈ જઈ શકે છે તેજ રીતે જૂના ઘરે વધારાના પુસ્તકો પડી રહ્યા હોય તે આ પુસ્તક પરબ પર દાન ભેટમાં આપી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે માતૃભાષા અભિયાન દ્વારા ગુજરાતભરમાં ૧૨૬ સ્થળે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. ગાંધીનગરમાં માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મન ફાઉન્ડેશન દ્વારા પુસ્તક પરબ ચલાવવામાં આવે છે. આ પુસ્તક પરબનો લાભ લેવા શહેરના પુસ્તકપ્રેમી વાચકોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## સ્થાનકવાસી જૈન સંઘનો ટેલેન્ટ ઈવનીંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા તા. ૨ જુનના રોજ સાંજે ૬ કલાકે સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે ટેલેન્ટ ઈવનીંગ કાર્યક્રમ અને ડૉ. જગદીશ ત્રિવેદીના હાસ્ય દરબારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ સભ્યોને તા. ૩૧મે બપોર સુધીમાં કાર્યક્રમના પાસ ઉપાધ્યક્ષ પાસેથી મેળવી લેવા સંસ્થાના પ્રમુખ આર.ડી. ગાંધી દ્વારા જણાવાયું છે.

## સૌરાષ્ટ્ર જૈન મિત્ર મંડળમાં નવા હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

સૌરાષ્ટ્ર જૈન મિત્ર મૂર્તિપૂજક મંડળ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં આગામી બે વર્ષ માટે સર્વાનુમતે પ્રમુખ તરીકે હેમેન્દ્રભાઈ જે. શાહ, ઉપપ્રમુખ હિતેષભાઈ પી. શાહ, મંત્રી કેતનભાઈ શાહ, ખજાનચી તરીકે મુકેશભાઈ શેઠની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત સંસ્થાના પ્રમુખ દ્વારા મંડળની પ્રવૃત્તિઓની રૂપરેખા આપવામાં આવી હતી અને મંડળના નિવૃત્ત સભ્યનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખુબ જ મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ પારૂલબેન નાગજીભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. આચાર્ય શાંતાબેન ભાનુશંકર, ઉ.વ. ૯૩